# જય જિનેન્દ્ર

**વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ**

Newspaper Registration No. GUJGUJ10312 •• Postal Registration No. GUJ-553 •• Vol II, Issue 5 •• August, 2003

Post Box No. 15008 Ambavadi, Amdavad 380 015 • Visit us : http://www.jainshasan.com • E-Mail : jayjinendra@jainshasan.com

# નયે ભીષ્મ દ્રોણોં ને મુખ પર ડાલા તાલા...

ગયા અંકમાં અમે લાસ્ટ બાઇટના સ્પંદનમાં પ્રધાનમંત્રી અટલ બિહારી બાજપાઈની કવિતા મૂકી હતી :

*દિલ્હી કે દરબારમેં કૌરવોં કા હૈ જોર,*
*લોકતંત્ર કી દ્રૌપદી રોતી નયન નિચોર;*
*કોટિ કોટિ જનતા કા નહીં કોઈ રખવાલા,*
*નયે ભીષ્મ દ્રોણોં ને મુખ પર ડાલા તાલા...*

આ કવિતા મૂળ તો રાષ્ટ્રવ્યાપી કટોકટીના સમયમાં લખાઈ હતી. આ કવિતા એ સમયનું આબેહૂબ પ્રતિબિમ્બ પાડે છે. કહેવાની જરૂર નથી કે નવા યુગના એ ભીષ્મ પિતામહો અને દ્રોણો કોણ હતા.

આ કવિતામાં દિલ્હીના દરબારની જગ્યાએ જૈનોનો દરબાર કરી દઈએ અને લોકતંત્રની જગ્યાએ ધર્મતંત્ર કરી દઈએ તો તાત્ત્વિક રીતે કોઈ ફરક નથી પડતો. વાત એની એ જ રહે છે. જૈનોના દરબારમાં ભીષ્મ પિતામહો અને દ્રોણો કોણ છે એ કહેવાની હવે કોઈ જરૂરત રહી નથી. આપણી આસપાસ, ચોપાસ, જોઈએ એટલા ભીષ્મો અને દ્રોણો મળી રહેશે.

મહાભારતકાળમાં દ્રૌપદીનાં ચીર હરનારા પોતાના જીવન અને આચરણના મામલે એટલા સાફ હતા કે તેઓ ખુદ કહેતા કે અમે અધર્મ શું છે એ સમજીએ છીએ પરંતુ તેને છોડી શકતા નથી. ધર્મ શું છે એ પણ સમજીએ છીએ પણ એને આચરી શકતા નથી. 'जानामि धर्मं न च मे प्रवृत्तिः, जानाम्यधर्मं न च मे निवृत्तिः ।'

મોક્ષમાર્ગે ચાલતા હોવાની ડંફાસ મારનારા લોકો કરતાં દુર્યોધન ઘણો પ્રામાણિક માણસ ગણાય. એ બિચારો મોક્ષનાં ફીફાં નથી ખાંડતો. એકાંતમાં દ્રૌપદીનાં કપડાં ખેંચીને જાહેરમાં 'રામ'ના સ્વરૂપે હાજર નથી થતો. એ બ્રહ્મચર્યનો ઉપદેશ આપીને દંભચર્ય નથી પાળતો. એકાંતમાં ટીવી જોઈને અને ખાનગીમાં રેડિયો સાંભળીને જાહેરમાં ઇલેક્ટ્રિક અને ઇલેક્ટ્રોનિક્સનો વિરોધ નથી કરતો. 'અમે ટેલિફોન નથી વાપરતા' એમ જાહેરમાં કહીને ખાનગીમાં સેલફોન નથી વાપરતો. વીજળીના કરોડો વોલ્ટેજ બાળીને ભણી ગણીને તૈયાર થયા પછી ઉજેહીનો વિરોધ કરવાના પાખંડ દુર્યોધનમાં જોવા ન મળે. એ ક્યારેય માઇક્રોફોનમાં બોલી બોલીને ઘરઢો થયા પછી માઈક્રોફોનને 'શિથિલાચારનું પ્રવેશદ્વાર' નથી ગણાવતો.

> *ખાનગીમાં અંગત ભક્તજનોને રક્ષાપોટલી બાંધ્યા પછી જાહેરમાં દોરાધાગાનો વિરોધ કરવા માટે માણસમાં ઘણી મોટી હિંમત(!) જોઈએ.*

સ્ત્રીઓની સોડમાં રાત વીતાવીને સવારે વ્યાખ્યાનની પાટ ઉપરથી બ્રહ્મચર્યનો ઉપદેશ આપવાની 'આવડત' દુર્યોધનમાં જોવા ન મળે. ખાનગીમાં અંગત ભક્તજનોને રક્ષાપોટલી બાંધ્યા પછી જાહેરમાં દોરાધાગાનો વિરોધ કરવા માટે માણસમાં ઘણી મોટી હિંમત જોઈએ. એ હિંમત દુર્યોધનમાં બિલકુલ ન મળે અને ડોળઘાલુ જૈન સાધુ પાસે આવી ટ્રેનિંગ લીધા વિના આવી હિંમત બાપડા દુર્યોધનમાં ક્યાંથી આવે? વ્યાખ્યાનમાં ટીવીને મહાપાપ કહ્યા પછી જો ટીવીમાં એ વ્યાખ્યાન સમાચારરૂપે ટેલિકાસ્ટ થાય તો એ જોવામાં પહેલી હરોળમાં બેઠેલો દુર્યોધન તો ન જ હોય! તમને કોઈ પ્રવચનની વિડિયોગ્રાફી જોવા મળે અને એમાં આધુનિક વૈજ્ઞાનિક સાધનોને કચકચાવીને ગાળો આપવામાં આવી હોય તો ખાતરી રાખજો કે એ પ્રવચન દુર્યોધનનું તો નહીં જ હોય!

અને ભીષ્મ. એક વાત સમજી લેવા જેવી છે : દ્રૌપદીનાં ચીર ભરી સભામાં ઊતરતાં હતાં ત્યારે ભીષ્મ પિતામહ નીચું જોઈ ગયા હતા એટલું જ. એમણે કંઈ દુર્યોધનને 'રામ' હોવાનાં પ્રમાણપત્રો નહોતાં ઠઠાડી દીધાં. જૈનશાસનના આધુનિક ભીષ્મો તો જૈનશાસનના આધુનિક દુર્યોધનોને 'રામ' હોવાના સર્ટિફિકેટો કાચી સેકંડમાં ઈશ્યુ કરી આપે છે. ભીષ્મ પિતામહે દુર્યોધનનું નમક ખાધું હતું અને બદલામાં તેમણે 'મૌન પાળવાનું' પસંદ કર્યું હતું. દુર્યોધનના એ (અ)કાર્યને ભીષ્મ પિતામહે સિક્કો મારી આપ્યાની ગુસ્તાખી તો નથી જ કરી. આધુનિક ભીષ્મો એ મામલે ખૂબ દિલાવર છે. આપો છો સર્ટિફિકેટ બે ચાર? લઈ લો ને ભાઈ દસ બાર!

મહાભારત દુર્યોધન અને આધુનિક ભારતના દુર્યોધનમાં ફેર એટલો કે પેલો દુર્યોધન પોતાને ધર્મનો જાણકાર માનવા છતાં પોતે ધર્મ આચરતો નથી એવું જાહેરમાં કહી ગયો છે, એટલું જ નહીં, પોતે અધર્મને છોડી શકતો નથી એમ પણ એણે કહ્યું છે. આધુનિક દુર્યોધન તો પોતાના ખુલ્લંખુલ્લા અધર્મને ધર્માચરણમાં ખપાવી શકે છે. જૂનો દુર્યોધન ઘણો કાચો પડે આ મામલે. એણે ફરી જનમ લઈને આધુનિક દુર્યોધન પાસેથી વાચના લેવી જોઈએ. પછી એણે જાહેરમાં કોઈનાંયે ચીર ખેંચવાની જરૂર જ નહીં રહે.

...કારણ કે જાહેરમાં તો એ 'રામ' બની ગયો હશે! અને એની મજા કંઈક ઓર જ છે.

●

---

જૈનોનું એકમાત્ર ઑનલાઇન મેગેઝિન... જે ઇન્ટરનેટ ઉપર સીધેસીધું ગુજરાતીમાં વાંચી શકાય છે.

## ઇન્ટરનેટ ઉપર જય જિનેન્દ્રના ૧૭૦૦૦ વાચકો!

એક પણ રૂપિયાનું લવાજમ ભર્યા વિના જય જિનેન્દ્ર વાંચો. તદ્દન મફત! વિગતો માટે અંદરના પાનામાં નજર કરો.

# કર્તવ્યના પંથે જતાં ભીતિ કદી ધરવી નહીં

પૂજ્યપાદ ગુરુદેવ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજશ્રીના ૩૫મા દીક્ષાદિવસના અવસરે *જય જિનેન્દ્ર* વતી શ્રી અશોક શાહ અને શ્રી નીરવ કોઠારીએ પૂજ્યશ્રીના અંતરમાં ડોકિયું કરવાનો એક પ્રયત્ન કર્યો હતો. પૂજ્યશ્રી સાથે થયેલી નિખાલસ વાતચીતનો સારાંશ અમે અહીં રજૂ કરી રહ્યા છીએ. આશા છે કે વિચારશીલ વાચકોના મનમાં જાગેલા પ્રશ્નોના ઉત્તરો અહીં મળી રહેશે. – *સંપાદક*

***તાજેતરમાં જ આપે દીક્ષાજીવનના ૩૫મા વરસમાં પ્રવેશ કર્યો એ બદલ પહેલાં તો આપને અભિનંદન આપીએ છીએ.***

થેંક્સ!

***મહારાજશ્રી, એ જણાવશો કે આપે બાલ્યવયમાં દીક્ષા લીધી. શું એ વયમાં સાચો વૈરાગ્ય સંભવિત છે?***

વૈરાગ્યનો મામલો એવો છે કે તેને વય સાથે ન જોડી શકાય. તમે જુઓ છો કે ૧૨ વરસનું બાળક એમ. ડી. ડોક્ટર બને છે. ૧૭ વરસનો છોકરો સોફ્ટવેર ડેવલપર બને છે. ૧૧ વરસની વયે કુમળું કહી શકાય એવું બાળક બ્લેક બેલ્ટ હોલ્ડર કરાટે ચેમ્પિયન બને છે. સામાન્ય સંયોગોમાં આ બાબત અશક્ય છે પણ વિશિષ્ટ સંયોગોમાં એ શક્ય પણ છે. બાલ્યવયમાં દીક્ષિત થનારા બધા જ વૈરાગ્ય-વાસિત હોય એમ ન કહી શકાય પરંતુ તેનું ઘડતર કેવા પ્રકારના ગુરુની નિશ્રામાં થાય છે એની ઉપર ઘણો બધો આધાર રહે છે.

***આપના વૈરાગ્ય પાછળ કેવી ભૂમિકા રહી?***

મારી દીક્ષાને પૂર્ણ વૈરાગ્યપ્રેરિત દીક્ષા કહેવી એ સત્ય સાથે અન્યાય કરવા બરાબર ગણાશે. એમ કહી શકાય કે સાધુજીવન ગમ્યું અને સ્વીકારી લીધું!

***આપને નજીકથી ઓળખનારા કહે છે કે આપ બાલ્યવયમાં ખૂબ શોખીન હતા.***

સાવ સાચી વાત. ખાવાના ચટકા ભારે. આ ગમે, પેલું ન ગમે. આ તો જોઈએ જ અને પેલું તો ક્યારેય નહીં. પિક્ચરોમાં બહુ રસ. મારા વતનના ઉષા થિયેટરના માલિક મારા એક દૂરના મામાના ખાસ મિત્ર હતા. આથી પિક્ચરના શોખને વધારે બળ મળતું અને જે કોઈ પણ નવું પિક્ચર લાગે તે જોવા પહોંચી જતો. એ યુગનાં પિક્ચરોનાં બધાં ગાયનો આવડે! કંદમૂળ બારે માસ ખાવા જોઈએ. મારાં માતુશ્રી ક્યારેય ન ખાય. પણ મને બનાવી આપવામાં આનાકાની ના કરે. આઇસ્ક્રીમ વિના એકેય દિવસ ન ચાલે. નવા ડ્રેસ અને ટાઈ એ મૂળભૂત શોખ.

***કચ્છમાં વળી ટાઈ ક્યાંથી આવી ગઈ?***

મારા વડીલો મૂળ એડનમાં સ્થિર થયા હતા. તેથી મારા ઉછેરની ભૂમિકા પાછળ પાશ્ચાત્ય રંગ વધારે હતો.

***આપે એડન જોયું છે?***

હું પાંચ વરસનો થયો ત્યાં સુધી અમારો વસવાટ ત્યાં જ હતો. એડનમાં રેવોલ્યૂશન ન થયું હોત તો હજી કદાચ ત્યાં જ હોત!

***તો પછી આ માર્ગે કેવી રીતે આવ્યા?***

નિયતિ માણસને ધાર્યા સ્થળે ખેંચી જતી હશે એમ વરસોના અનુભવે સમજ્યો છું. મારા ગુરુદેવ શ્રી સૂર્યસાગરજી મહારાજ મારાં માતુશ્રીના કાકા થાય. એમાંથી સંપર્ક થયો અને જીવન નવી દિશામાં ફંટાઈ ગયું.

***બચપણના શોખ કેવી રીતે છૂટ્યા?***

કોઈ પણ વસ્તુને કાચી સેકંડમાં છોડી શકું છું. તેથી એમાં કંઈ નવાઈ નથી.

***દીક્ષાજીવનના પ્રારંભનાં ઘણાં સંભારણાં હશે.***

ઓફકોર્સ, એ સંભારણાં એક આખું પુસ્તક ભરાય એટલાં થાય!

***એ બધું વાગોળવું ગમે?***

કેટલુંક ગમે. કેટલુંક ન ગમે.

***એમ કેમ?***

એ ચર્ચામાં અત્યારે નહીં ઊતરીએ. ક્યારેક વિગતે વાતો કરશું.

***આપે દીક્ષા લીધી એ પરિવાર વિષે કંઈ કહેશો?***

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ મહારાજનું નામ તમે સાંભળ્યું હશે...

***મહુડી તીર્થના સ્થાપક?***

હા એ જ. એમના પરિવારમાં મારી દીક્ષા થઈ. મારા ગુરુ શ્રી સૂર્યસાગરજી મ. અને એમના ગુરુ શ્રી કૈલાસસાગરસૂરિ મહારાજ. આ મારી ગુરુ પરંપરા.

***આપને દીક્ષા કૈલાસસાગર મહારાજે આપેલી?***

ના, મારી દીક્ષા શ્રી કીર્તિસાગરસૂરીશ્વરજી મહારાજના હસ્તે થઈ. તેઓ શ્રી કૈલાસસાગર-સૂરીશ્વરજી મહારાજના દાદાગુરુ થાય.

***આપના ઊંડા અભ્યાસની પ્રશંસા જૈન સમાજમાં વ્યાપક રીતે થાય છે. તો એ અંગે શું કહો છો?***

અધ્યયન એ જ સાધુજીવનનું આભૂષણ છે. એ વિના આ સમાજમાં ટકી રહેવું મુશ્કેલ છે એ એક વાત. બીજી વાત એ છે કે સાચા અભ્યાસથી સાચા સાધુજીવનને નજીકથી સમજવાની તક મળે છે. મારાથી બન્યો એટલો પુરુષાર્થ મેં અભ્યાસ માટે કર્યો છે.

***દીક્ષા પહેલાં કેટલું ભણેલા?***

ચોથા ધોરણમાંથી ઊભો થઈ ગયેલો!

***સાધુજીવનમાં?***

અહીં પ્રારંભમાં વડીલોના માર્ગદર્શન નીચે પ્રાથમિક અધ્યયન થયું. જેમાં પ્રકરણ ગ્રંથો, કર્મ સાહિત્ય અને એવું બધું આવે. એ પછી સંસ્કૃત ભાષાનું અધ્યયન કર્યું. આનો આરંભ ડૉ. ભાંડારકરની સંસ્કૃત બુકોથી કરેલો. મારી દીક્ષાના ત્રીજા જ વરસે તેર વરસની વયે મારે બન્ને બુકોનો અભ્યાસ પૂરો થઈ ગયેલો. એ પછી શ્રી કૈલાસસાગર મહારાજ પાસે ઉપા. વિનયવિજયની લઘુ પ્રક્રિયાના આધારે સિદ્ધહૈમ વ્યાકરણ કર્યું. સંસ્કૃતનો પહેલો પરિચય થયો ત્યારથી જ એ ભાષા ખૂબ ગમી ગયેલી. અમે ખંભાતમાં હતા ત્યારે આખો દિવસ શિશુપાલવધના શ્લોકો એના અસલી રાગમાં ગાયા કરતો. સંસ્કૃત કાવ્યો પાછળ તો રીતસરનું પાગલપણું. પછી તો જુદા જુદા પંડિતો પાસે સિદ્ધાંત કૌમુદીનો પણ અભ્યાસ કર્યો. એ પછી તે શુષ્ક કહેવાય એવા ન્યાયના વિષયો પણ કર્યા. તર્કસંગ્રહથી શરૂ કરીને મુક્તાવલિ, સ્યાદ્વાદ મંજરી વગેરે પણ ખેડી જોયાં.

***આપને ભણાવનારા પંડિતોમાંથી કોને શ્રેષ્ઠ ગણો છો?***

એક અક્ષરનું પણ દાન કરનાર વ્યક્તિ કોઈ પણ શિષ્ય માટે હંમેશાં શ્રેષ્ઠ હોય છે.

***તો પણ કોઈ ખાસ નામ?***

પંડિત રતિલાલ શાસ્ત્રી. ભણાવવાની પદ્ધતિને નજર સામે રાખીએ તો પંડિત રતિલાલ શાસ્ત્રી મને કાયમ યાદ રહી ગયા છે. અઘરામાં અઘરી બાબતને સાવ સરળ કરી આપે એ એમની ગજબની માસ્ટરી. વ્યાકરણના એક એક સૂત્ર ઉપર સો સો દાખલા આપી શકે.

***અભ્યાસકાળની કોઈ યાદગાર પળ?***

સંસ્કૃત માર્ગોપદેશિકામાંથી તેના રચયિતા ડૉ. આર. કે. ભાંડારકરની ગંભીર ભૂલ કાઢી એ રોમાંચક પળ ક્યાંથી ભૂલાય! ખુદ પંડિતો પણ એ ભૂલ કાઢી શક્યા નહોતા અને ખોટું ભણાવે રાખતા હતા!

***અભ્યાસની પરીક્ષાઓ આપેલી?***

અમારા સમુદાયમાં એવો રિવાજ નહોતો. મારી પહેલાં કોઈએ જાહેર પરીક્ષાઓ નહીં આપેલી અને આટલાં વરસોમાં મારી પછી પણ કોઈએ નથી આપી. મારા એક મિત્ર સાથે અમદાવાદની બૃહદ્ ગુજરાત સંસ્કૃત વિદ્વત્ પરિષદ્માંથી સંસ્કૃતવિશારદ કર્યું. પછી તો દરભંગા, મિથિલા વગેરે વિવિધ સંસ્થાઓની ઘર બેઠાં લેવાતી પરીક્ષાઓ પણ પસાર કરી. કોઈક સમયે એ બધામાં મજા આવતી પરંતુ આગમોના સ્વાધ્યાય પછી એ બધું નિરર્થક લાગે છે. આગમોને નજીકથી સમજ્યા પછી, મને મળેલી ડિગ્રીઓને લેટરહેડ ઉપર છાપવાનું બંધ કર્યું છે.

***કઈ કઈ ડિગ્રીઓ?***

સંસ્કૃત વિશારદ, સાહિત્યરત્ન, દર્શનાચાર્ય વગેરે.

***જ્યોતિષ અંગેનો એવોર્ડ કઈ રીતે મળ્યો?***

વાત એમ બની કે સન ૧૯૭૪માંથી રાજકારણમાં રસ પડવા લાગ્યો. લોકો ચીમનભાઈની નનામીઓ બાળતા. હાય હાય બોલાવતા. 'ચીમનકો

*એક અક્ષરનું પણ દાન કરનાર વ્યક્તિ કોઈ પણ શિષ્ય માટે હંમેશાં શ્રેષ્ઠ હોય છે.*

## *ડફોળ સાધુઓને ગણિ અને પંન્યાસ પદની નવાજેશ કરો, વ્રતભંગ કરનારાઓને પદવીઓ આપો, એક નવકારમંત્ર પણ ચોખ્ખો ભૂલચૂક વગરનો લખી ન શકે એવા બુદ્ધુઓને આચાર્યપદ આપો અને મહા અનાચારીઓને સાથસહકાર આપો, એમની વકીલાત કરો એ બધું શાસનની હીલણા નથી?*

ફેંક દો' વગેરે નારાઓ લગાવતા ત્યારે સાધુજીવનમાં પહેલી વાર છાપાં વાંચવાનું બન્યું. એમાં જ્યોતિષના વરતારા આવતા. એ વાંચીને સારૂં એવું મનોરંજન મળતું. નામાંકિત જ્યોતિષીઓની આગાહીઓ – જે મોટે ભાગે ખોટી પૂરવાર થતી – વાંચીને ખૂબ રમૂજ થતી. પછીથી જ્યોતિષમાં ઊંડો રસ પડ્યો. અગમ વિદ્યાઓ તરીકે મને જ્યોતિષ, મંત્રસાહિત્ય, તંત્રસાહિત્ય વગેરે વાંચવું ગમતું. એમાંથી ધીમે ધીમે જ્યોતિષના કેટલાક પાયાના સિદ્ધાંતો સમજવાની તક મળી. મારા મિત્ર મુનિઓની વચ્ચે હું રાજકીય આગાહીઓ કરતો. જે સાચી પડતી. એમાંથી કેટલાક મુનિઓએ વર્તમાનપત્રોમાં આગાહીઓ મોકલવાનું સૂચન કર્યું. એ સૂચન વધાવી લઈને મેં વર્તમાનપત્રોને મારા લેખો મોકલ્યા. પણ જૂના છાપાંઓમાં જામી પડેલા જ્યોતિષીઓને કારણે મારા લેખો કચરાપેટીમાં જવા લાગ્યા. એ પછી મેં વિદેશોના મેગેઝિનોમાં મારા લેખો વિદ્વાનો પાસે અંગ્રેજીમાં ટ્રાન્સલેટ કરાવીને મોકલવાના ચાલુ કર્યા. આની સારી અસર પડી. અમેરિકાના જુદાં જુદાં મેગેઝિનોમાં મારી આગાહીઓ છપાતી. જ્યોતિષના વિષયમાં કામ કરતી નામાંકિત સંસ્થાઓને પણ મારા લેખો મોકલતો અને સફળ રાજકીય આગાહીઓના બેઝ ઉપર મને સોસાયટી ફોર અમેરિકન એસ્ટ્રોલોજર્સ તરફથી એવોર્ડ મળ્યો.

***એ પછી તો સ્થાનિક અખબારોનો અભિગમ બદલાયો હશે ને?***

ના. તમને એક જ દાખલો આપીશ કે ગયા વરસે એટલે કે સન ૨૦૦૨માં પાકિસ્તાન સાથે યુદ્ધનાં નગારાં વાગવાંની ઘડીઓ ગણાતી હતી ત્યારે 'ફલાણી તારીખથી યુદ્ધ ચાલુ થઈ જશે'ની નામાંકિત જ્યોતિષીઓની આગાહીઓથી આપણાં છાપાંઓ ઊભરાતાં હતાં. એ વખતે મેં મારા લેટરપેડ ઉપર મારી સહીથી ગુજરાતનાં બધાં જ વર્તમાનપત્રોને જણાવ્યું હતું કે ૨૦૦૨માં કોઈ પણ સંયોગોમાં યુદ્ધ નથી થવાનું. પરંતુ આશ્ચર્યજનક રીતે એ લોકોએ એ આગાહી કચરાપેટીના હવાલે કરેલી! પરિણામ આપણી સામે છે. પવન પ્રમાણે પીઠ ફેરવનારા નામાંકિત જ્યોતિષીઓ સાચા નથી પડ્યા એ હકીકત છે. મારા સંપર્કમાં આવેલા સેંકડો લોકો આ બાબતના સાક્ષી છે.

***જે હેતુસર અમે આપને મળી રહ્યા છીએ એ મામલે હવે થોડા ગંભીર સવાલો પૂછવા છે. હમણાંથી આપનું નામ જૈન સમાજમાં ચર્ચાની એરણે ચડ્યું છે. આપના જ પરિવારના ત્રણ ત્રણ મુનિઓ સામે આપે જાહેરમાં ચારિત્રભંગના આરોપો મૂક્યા છે.***

મારે એમ કરવા માટે મજબૂર થવું પડ્યું અને એની સીધી જવાબદારી ગુનેગારોને છાવરાનારા લાગતા વળગતા વડીલોની છે.

***એ કેવી રીતે?***

આ પરિવારમાં વરસોથી અનાચારનો સિલિસિલો ચાલુ હતો. દોઢ દાયકા સુધી કોઈ વડીલની સામી છાતીએ પાપાચાર ચાલતો હોય અને 'તેરી ભી ચૂપ, મેરી ભી ચૂપ' જેવો વ્યવહાર ચાલતો હોય તો હું સાંખી શકું નહીં.

***પણ એ માટે જાહેર માધ્યમનો ઉપયોગ કરવાની શી જરૂર? વડીલો પાસે રજુઆત કરીને પરિણામ મેળવી શકાય.***

૩૫ વરસનો ચારિત્ર પર્યાય ધરાવનાર કોઈ સાધુ એટલો બેવકૂફ તો ન હોય ને કે તેણે વડીલો પાસે રજુઆત ન કરી હોય? મેં મારા સમુદાયના ગચ્છાધિપતિથી લઈને લાગતા વળગતા તમામ આચાર્યોને આ મામલે માહિતગાર કર્યા હતા. મારી પાસે તમામ પત્રવ્યવહારના રેકોર્ડ છે. તમે મને ભાજીમૂળો સમજીને મારી લાગણીને કચરાપેટીમાં નાખો એવું તો હું ન જ થવા દઉં ને? મેં તો દુરાચારમાં સંડોવાયેલા સાધુઓને પણ પત્ર લખીને જણાવ્યું હતું કે છદ્મસ્થમાત્ર ભૂલને પાત્ર હોય છે. તમે જે ભૂલ કરી છે તેનું યોગ્ય પ્રાયશ્ચિત્ત લઈને શુદ્ધીકરણ કરો. પણ એમણે પણ પોતાના વડીલોની ઓથ નીચે ઘમંડમાં રાચીને મારા પત્રો કચરાપેટીના હવાલે કર્યા. હું પણ આ સમુદાયનો સીનિયરમોસ્ટ સાધુ છું. તમે મારી વાત સાંભળો જ નહીં એનો અર્થ એ થયો કે તમે સમુદાયને અંગત પેઢીમાં ફેરવી નાખ્યો છે.

***પણ આમ જાહેરમાં કાદવ ઉછાળવાની પ્રવૃત્તિથી આપને નથી લાગતું કે શાસનની હીલણા થાય છે?***

શાસનની હીલણા? (મુનિરાજ ખડખડાટ હસી પડે છે) ડફોળ સાધુઓને ગણિ અને પંન્યાસ પદની નવાજેશ કરો, વ્રતભંગ કરનારાઓને પદવીઓ આપો, એક નવકારમંત્ર પણ ચોખ્ખો ભૂલચૂક વગરનો લખી ન શકે એવા બુદ્ધુઓને આચાર્યપદ આપો અને મહા અનાચારીઓને સાથસહકાર આપો, એમની વકીલાત કરો એ બધું શાસનની હીલણા નથી? જેને મારા કાર્યમાં શાસનની હીલણા લાગે છે એમને હકીકતમાં તો પોતાની અંગત બદનામીનો ડર લાગે છે! પોતાની અંગત બદનામીને શાસનની હીલણામાં ખપાવનારાઓ હકીકતમાં તો શાસનની સૌથી મોટી હીલણા કરે છે. શું બે ચાર આચાર્યોની અંગત પેઢી એ જ માત્ર શાસન છે? અને ધારો કે મારૂં પગલું એ શાસનની હીલણા હોય તો એ માટે સીધા જવાબદાર એ લોકો પોતે જ છે.

બીજી વાત, કાદવ ઉછાળવો એટલે શું? એ તમે મને સમજાવશો? હું તમારી આલોચના કરૂં એ કાદવઉછાળ પ્રવૃત્તિ કહેવાય અને તમે મને ઊંડા કૂવામાં ધકેલી દેવાના પ્રયત્નો કરો એ શું કહેવાય? વડીલો વાત ન સાંભળે, સંઘના સર્વોચ્ચ કક્ષાના કહેવાતા અને ફૂલહાર સિવાય કોઈ વાતમાં રસ ન લેતા આગેવાનો શાલ ઓઢીને સૂઈ જાય, સત્તા, પદ અને પૈસાના ઘમંડમાં બધા પોતાને ફાવે તેમ વરતે એ વખતે હું ચૂપ બેસવાના બદલે મારૂં મોઢું ખોલું એને કાદવ ઉછાળ કહેવાય એવી સમજણ તમને મુબારક! બહોળો ફેલાવો ધરાવતા છાપામાં કોઈ સાધુ પોતાની કોલમમાં જેમ તેમ બકવાસ કરીને દુરાચારીઓની વકીલાત કરવા કૂદી પડે અને ચીતરી ચડે એવું લખાણ કરે એને કાદવ ઉછાળ્યો કહેવાય કે ગુલાબજળ છાંટ્યું કહેવાય એ તમે મને સમજાવશો? 'ગોચરી' જેવા પવિત્ર શબ્દને ગટર, ઉકરડો, સંડાસ જેવી વસ્તુઓથી લીંપી નાખનારાઓને પૂછો તો ખરા કે બન્ને પક્ષની વાતો સાંભળ્યા વગર તમને જજમેન્ટ આપવાનું પ્રમાણપત્ર કોણે આપ્યું છે? અને તમે કુદરતની કરામત તો જુઓ કે એ લખાણમાં જ એમના મિત્રોએ પાપો કર્યાનો અભાનપણે સ્વીકાર થઈ ગયો છે. કારણ કે ''વિચિત્રાનંદે'' ગટરનાં ઢાંકણાં ખોલી કાઢ્યાં એનાથી ગટર છે એ પૂરવાર થઈ ગયું ને!! ભાઈ શ્રી વકીલસાગરજી કરવા ગયા બગીચો ને થઈ ગઈ ગટર!!

આપણે તો કુદરતનો આભાર માનવો જોઈએ કે આવા લોકો ન્યાયતંત્રમાં ન્યાયમૂર્તિપદે નથી બેઠા, નહીં તો ન્યાયની દેવી ઉપર તેઓ દરરોજ નગ્ન બળાત્કાર કરતા હોત અને આપણું ન્યાયતંત્ર જૉકરોના સર્કસમાં ફેરવાઈ ગયું હોત!

***આપના પગલાને સમાજમાંથી કેટલો ટેકો મળ્યો છે?***

અનુભવે એવું સમજાયું છે કે લોકો દુરાચારીઓને નાખુશ કરવા નથી માગતા! થોડાક દાખલા આપીશ : **૧.** આ મેગેઝિનમાં એક નામાંકિત વિદ્વાને પહેલાં લેખો લખવાનું સ્વીકાર્યું પણ પછી એમનું મન ઢીલું પડી ગયું. કારણ? કારણ કે 'હું મિત્રાનંદસાગરની સાથે બેસીશ તો ફલાણાસાગર નારાજ થઈ જશે.' **૨.** મારા એક વડીલને મારે હાથોહાથ પત્ર પહોંચાડવાનો હતો. એક ભાઈને વાત કરી. મને કહે, 'પહોંચાડું ખરો, પણ મારા બદલે મારો મિત્ર અંદર જઈને પત્ર આપી આવશે!' કારણ કે એ પોતે પત્ર આપવા જાય તો 'મિત્રાનંદસાગરની સાથે હોવા બદલ' પેલા વડીલ એની ઉપર નારાજ થઈ જાય! **૩.** એક રિટાયર્ડ સરકારી ઓફિસર છે, જેમની ધર્મભાવનાથી કોઈક જમાનામાં હું ખૂબ પ્રભાવિત હતો. એમણે દુરાચારીઓના ઇશારે પોતાની સરકારી લાગવગનો ઉપયોગ કરીને મને જ હેરાન કરવાનાં પગલાં લીધાં.

*અનુસંધાન પૃષ્ઠ ૬ ઉપર*

## *જૈનશાસનનાં પરમ શ્રાવિકા એવાં ગંગામાના વારસદાર માટે એવું વિધાન કરવું વ્યાજબી નહીં લેખાય, પરંતુ ગંગામાની ઉજ્જ્વળ પરંપરાને તેઓ અજવાળી શક્યા હોત એટલું જરૂર કહી શકું.*

# ગ્રહદશા અને તેનું ફળ

પૂજ્ય સાધ્વી શ્રી જિતપૂર્ણાજી મહાસતીજી

**લેખાંક સાતમો**

## દશાધિપતિ બુધ કઈ રાશિમાં હોય તો કેવું ફળ આપે?

### મેષરાશિમાં રહેલ બુધનું દશાફળ

જે જાતકનો દશેશ બુધ મૂળ કુંડળીમાં મેષરાશિમાં હોય તેને બુધમહાદશાકાળમાં બંધુવર્ગમાં અગ્રેસરતા, જમીન, ઉત્તમ મૂલ્યવાન રત્નો તથા આભૂષણોનો લાભ અને જીવનસાથી, સંતાન તેમજ જ્ઞાતિજનોથી સુખ પ્રાપ્ત થાય છે.

### વૃષભરાશિમાં રહેલ બુધનું દશાફળ

જે જાતકનો દશેશ બુધ મૂળ કુંડળીમાં વૃષભરાશિમાં હોય તેને બુધમહાદશાકાળમાં નટ વર્ગ સાથે સંગોષ્ઠિ કરવાનો મોકો, સંગીત કળા, હાસ્ય, વિનોદ ચાતુર્યથી યશ કીર્તિ પ્રાપ્ત થાય, વિદ્યામાં વૃદ્ધિ થાય, મોટો અધિકાર પ્રાપ્ત થવા જેવાં શુભ ફળો પ્રાપ્ત થાય છે.

### મિથુનરાશિમાં રહેલ બુધનું દશાફળ

જે જાતકનો દશેશ બુધ મૂળ કુંડળીમાં મિથુનરાશિમાં હોય તેને બુધમહાદશાકાળમાં વિદ્યા અને આનંદપ્રદ ફળ મળે છે. રાજ્ય તરફથી માનપાન તથા સુખ પ્રાપ્ત થાય છે. સંગીતમાં કુશળતા અને અનેકવિધ હાસ્ય-વિનોદથી સુખકર ફળ પ્રાપ્ત થાય છે.

### કર્કરાશિમાં રહેલ બુધનું દશાફળ

જે જાતકનો દશેશ બુધ મૂળ કુંડળીમાં કર્કરાશિમાં હોય તેને બુધમહાદશાકાળમાં બંધુઓથી દ્વેષ, કાર્યમાં અસફળતા, બ્રાહ્મણો તથા સજ્જનોથી વિસંવાદ, પદભ્રષ્ટતા અને અધિકારનાશ જેવાં અશુભ ફળો મળે છે.

### સિંહરાશિમાં રહેલ બુધનું દશાફળ

જે જાતકનો દશેશ બુધ મૂળ કુંડળીમાં સિંહરાશિમાં હોય તેને બુધમહાદશાકાળમાં નગરાધિપતિ અર્થાત્ મેયર જેવી ઉચ્ચ પદવી પ્રાપ્ત થાય, દુર્ગપ્રદેશોમાં સંચરણ કરવાની તક મળે તેમજ મહાન અધિકાર પ્રાપ્તિથી સન્માન પ્રાપ્ત થાય તેવાં અનેક શુભ ફળો મળે છે.

### કન્યારાશિમાં રહેલ બુધનું દશાફળ

જે જાતકનો દશેશ બુધ મૂળ કુંડળીમાં કન્યારાશિમાં હોય તેને બુધમહાદશાકાળમાં અનેક સુખપ્રદ ફળ પ્રાપ્ત થાય છે. સર્વોચ્ચ સત્તા પ્રાપ્તિ, રંગબેરંગી વસ્ત્ર આભૂષણોની પ્રાપ્તિ તેમજ જીવનસાથીથી સુખ, મિત્રો, પુત્રો બંધુવર્ગની વૃદ્ધિ થવા જેવાં ઉત્તમ ફળ મળે છે.

### તુલારાશિમાં રહેલ બુધનું દશાફળ

જે જાતકનો દશેશ બુધ મૂળ કુંડળીમાં તુલારાશિમાં હોય તેને બુધમહાદશાકાળમાં વાહન પ્રાપ્તિ, મિનિસ્ટર, ગવર્નર જેવા સત્તાધીશોની મિત્રતાનો લાભ, અણધાર્યો મકાનનો લાભ, સતી સ્ત્રી અર્થાત્ પુણ્યાત્મા સ્ત્રીથી સત્સંગની પ્રાપ્તિ જેવાં શુભ ફળો મળે છે.

### વૃશ્ચિકરાશિમાં રહેલ બુધનું દશાફળ

જે જાતકનો દશેશ બુધ મૂળ કુંડળીમાં વૃશ્ચિકરાશિમાં હોય તેને બુધમહાદશાકાળમાં અનેક કષ્ટો ભોગવવાં પડે છે. બંધુવર્ગથી દ્વેષ, સહોદરનું મૃત્યુ અને ક્ષેત્રધનનો નાશ વગેરે અશુભ ફળો પ્રાપ્ત થાય છે.

### ધનરાશિમાં રહેલ બુધનું દશાફળ

જે જાતકનો દશેશ બુધ મૂળ કુંડળીમાં ધનરાશિમાં હોય તેને બુધમહાદશાકાળમાં યુદ્ધમાં વિજય, શત્રુઓનો વિનાશ, અધિકાર પ્રાપ્તિ, રાજવૈભવ જેવો ઠાઠમાઠ, સુવર્ણ, ઉત્તમવસ્ત્રોનો લાભ, ઐશ્વર્યની વૃદ્ધિ તથા વિદ્યા ચાતુરીથી સંગોષ્ઠિ કરવા જેવાં શુભ ફળ પ્રાપ્ત થાય છે.

### મકરરાશિમાં રહેલ બુધનું દશાફળ

જે જાતકનો દશેશ બુધ મૂળ કુંડળીમાં મકરરાશિમાં હોય તેને બુધમહાદશાકાળમાં ધનપ્રાપ્તિ, પોતાના ભાઈ વગેરે સાથે વિદ્યાવિનોદ, મનની પ્રસન્નતા, વાક્પટુતાથી લાભ, સભાઓમાં સન્માન, મિત્રાદિવર્ગથી સૌખ્ય જેવાં શુભ ફળો પ્રાપ્ત થાય છે.

### કુંભરાશિમાં રહેલ બુધનું દશાફળ

જે જાતકનો દશેશ બુધ મૂળ કુંડળીમાં કુંભરાશિમાં હોય તેને બુધમહાદશાકાળમાં હાથી, ઘોડાદિ વાહનનો લાભ, આવાસનો લાભ, સુવર્ણવૃદ્ધિ, મિષ્ટભોજન, સંગીત, ગીત, નૃત્ય આદિથી સુખાનુભવ જેવાં અનેક શુભ ફળ મળે છે.

### મીનરાશિમાં રહેલ બુધનું દશાફળ

જે જાતકનો દશેશ બુધ મૂળ કુંડળીમાં મીનરાશિમાં હોય તેને બુધમહાદશાકાળમાં સ્વજનોમાં વિરોધ, જીવનસાથી, પુત્ર, સ્વજનો વગેરેનો વિયોગ, સ્થાનનાશ જેવાં અતિકષ્ટો પ્રાપ્ત થાય છે.

જય જિનેન્દ્ર

ઈન્ટરનેટ ઉપર જય જિનેન્દ્ર વાંચો
તદ્દન વિના મૂલ્યે
**કેવી રીતે?**
http://www.jainshasan.com
લોગ ઓન કરો અને Membership
મેનુમાં જઈને આપનું ફોર્મ ભરો.
અમે આપને જય જિનેન્દ્રનો અંક
આપના Email Accountમાં
પહોંચતો કરીશું.
આપ માત્ર એક ક્લિક કરશો અને
આપની સામે હાજર હશે–
જય જિનેન્દ્ર

ઈન્ટરનેટ ઉપર સીધેસીધું *ગુજરાતીમાં*
વાંચી શકાય એવું જૈનોનું એકમાત્ર
મેગેઝિન.
એક વરસના ટૂંકા ગાળામાં જ NET
ઉપર જય જિનેન્દ્રના ૧૭ હજાર
વાચકો નોંધાઈ ગયા છે. આ એક
વિક્રમ છે.

# દેરાસરની આજુબાજુના મકાનની રચનામાં સંવેદનશીલતા જરૂરી છે

■ કુ. ચૈતાલી શાહ

સ્થાપત્યકળામાં સુંદરતા અને ઉપયોગિતાનો અનેરો સંગમ થાય છે.

ત્રિપરિમાણીય રચનાઓમાં એક તરફ મૂર્તિકળા આવે જેમાં માત્ર દૃશ્ય અનુભૂતિ મહત્ત્વની ગણાય અને બીજી તરફ યાંત્રિક રચના આવે જેમાં માત્ર કાર્યક્ષમતાને મહત્ત્વ અપાય. સ્થાપત્ય એ આ બંને ધ્રુવ વચ્ચે વિસ્તરેલી કળા છે જેમાં દૃશ્ય અનુભૂતિને પણ મહત્ત્વ અપાય છે અને કાર્યક્ષમતા – ઉપયોગિતાને પણ. આ દૃશ્ય અનુભૂતિ અને કાર્યક્ષમતા; બન્નેને કેટલું મહત્ત્વ આપવું તે મકાનના પ્રકાર ઉપર અવલંબે છે. ઔદ્યોગિક મકાન એટલે કે ફેક્ટરીમાં દેખાવ કરતાં જરૂરી કાર્યક્ષમતાને વધારે પ્રાધાન્ય અપાય તે સ્વાભાવિક છે. કારણ કે આવી કાર્યક્ષમતા સિદ્ધ કરવા જ તે મકાનની રચના થાય છે. તેની સામે મંદિર, દેરાસર કે ગિરજાઘરની રચનામાં દેખાવ વધારે અગત્યનો ગણાય છે. આ મકાનોમાં દૃશ્ય અનુભૂતિ દ્વારા તત્ત્વજ્ઞાન તથા આધ્યાત્મિકતાનાં વિવિધ પાસાં પ્રતીકાત્મક રીતે રજૂ થાય છે. આવી રજૂઆતમાં સ્વાભાવિક રીતે જ જે તે પરિસ્થિતિ સાથેનો દૃશ્ય-સંપર્ક મહત્ત્વનો ગણાય.



દેરાસરની મહત્તાને ઢાંકી દેતાં આડેધડ બાંધકામો

દર્શન કરવા જતાં દૂરથી દેખાતા દેરાસરના શિખર થકી જે પ્રકારની અનુભૂતિ થવાની શરૂઆત થાય છે તે અનુભૂતિ ક્રમશઃ વધતી જાય છે અને આંગી કરેલ પ્રભુની મૂર્તિ જોતાં તેમાં પરાકાષ્ઠા આવે છે. આ અનુભૂતિ કેવા કેવા પ્રકારે કેવા કેવા માધ્યમથી દૃઢ થતી જાય છે તે સમજવા દેરાસરની રચના સમજવી જરૂરી છે. દેરાસરની રચનામાં નાની નાની બાબતો ઉપર પણ કેવું ધ્યાન રખાય છે તે જો આપણે સમજીએ તો આપણી અનુભૂતિમાં સ્પષ્ટતા તો આવે જ પણ સાથે સાથે તે બાબતે આપણી સંવેદનશીલતા પણ વધે.

***ધર્મસ્થળોની આસપાસ ઊભા કરાયેલાં મકાનો અને અન્ય પ્રકારનાં સ્થાપત્યો ધર્મસ્થળના ભૌતિક સૌન્દર્યને તો નષ્ટ કરે જ છે, સાથોસાથ તે ધર્મસ્થળોના આધ્યાત્મિક સૌન્દર્યનો પણ ભોગ લે છે.***

આપણાં ધાર્મિક સ્થાનોમાં ઘણીવાર એમ જોવા મળે છે કે સુંદર તથા દૃશ્ય અનુભૂતિમાં સમૃદ્ધ એવું દેરાસર બનાવ્યા પછી તેની આજુબાજુ એકદમ નિમ્ન પસંદગીવાળાં મકાનો આપણે બનાવી દઈએ છીએ અને આ મકાનો દેરાસરને બહારથી તો ઢાંકે જ છે પરંતુ દેરાસર સંકુલના અંદરના ભાગમાંથી પણ સમગ્ર સંકુલની દૃશ્ય અનુભૂતિમાં વિસંવાદિતા સ્થાપે છે. આ મકાનો જરૂરી તો છે જ પણ તેમની રચનામાં સંવેદનશીલતા હોય તો સમગ્ર દેરાસર-સંકુલની દૃશ્ય અનુભૂતિમાં એકરાગતા તથા સાતત્ય આવે. અહીં તો એમ થાય કે દેરાસરને જોતાં જે આધ્યાત્મિક અનુભૂતિ થાય તેની સાથે સાથે પાછળ આવેલું વિચિત્ર શૈલીમાં બનાવાયેલું અતિથિભવન તથા તેના વરંડામાં સૂકવાયેલ કપડાં પણ દેખાય! આવી પરિસ્થિતિ ટાળવા દેરાસરની આજુબાજુનાં મકાનોને અંશતઃ જમીનની અંદર એ રીતે બનાવવાં જોઈએ કે જેથી તેમની ઊંચાઈ જે તે દેરાસરની જગતીની ઊંચાઈથી વધે નહીં અથવા દેરાસરના શિખરની જમીનથી ઊંચાઇ કરતાં આશરે બમણી ત્રિજ્યાવાળા વિસ્તારને બાંધકામમુક્ત રાખવો

અનુસંધાન પૃષ્ઠ ૭ ઉપર



દેરાસરની જગતીના નીચેના ભાગમાં જરૂરી ઓરડા બનાવી દેરાસરની આજુબાજુના વિસ્તારને બાંધકામમુક્ત રાખી શકાય.

*અનુસંધાન પૃષ્ઠ ૩નું ચાલુ*

'મિત્રાનંદસાગરની સાચી વાતો જાય ચૂલામાં, દુરાચારીઓનો વાળ વાંકો ન થવો જોઈએ.' હવે એ ભાઈ ગમે એટલાં ધરમધ્યાન અને ટીલાંટપકાં કર્યે રાખે એનો શો અર્થ છે! આવા નકલી ધર્માત્માઓ શાસનનું કલંક છે. **૪.** પોતાની રખાત સાથે બેશરમપણે જિંદગી ગાળનારા અને તેની સાથે ગામેગામ કારમાં બેસીને રખડપટ્ટી કરનારા એક સાધુની એ રખાતે ત્રણ પૈકીના એક દુરાચારશિરોમણિને રીતસર શિખામણ આપી કે ''આપણે જુદા જુદા ગામોની અદાલતોમાં નકલી કેસો ઊભા કરીને મિત્રાનંદસાગરને અંદર ફિટ કરાવી દઈએ. અમે (ગામનું નામ)માં એક બિલ્ડરને ખોટા કેસોમાં આ રીત અજમાવીને 'ફિટ' કરી દીધો હતો.'' આ રખાતપ્રેમી સાધુ દરરોજ વડીલોનાં અને તેમના દીવાનોનાં તળિયાં ચાટવા ફાંફા માર્યા કરે છે. **૫.** *જય જિનેન્દ્ર*માં મેં રજૂ કરેલા ધારધાર મુદ્દાઓમાંથી એક્કે મુદ્દાનો જવાબ આપવાની સ્થિતિમાં ન હોવાથી અકળાયેલા અમુકસાગરના ઈશારે એક વર્તમાનપત્રના ચીફ સંપાદકે તો મને ધમકી આપી કે તમે ફલાણાસાગરની વિરુદ્ધમાં કંઈ પણ લખશો તો એને હું મારી સામે લખ્યા બરાબર માનીશ, કારણ કે ફલાણાસાગર મારા ગુરુ છે! આ મહાશય પોતાનો પત્રકારધર્મ ભૂલ્યા એ તો એમની કમનસીબીનો અંગત મામલો છે પરંતુ તેઓ 'મિત્રાનંદસાગર કઈ માટીનો માણસ છે' એ સમજવામાં જરૂર થાપ ખાઈ ગયા. માત્ર બહાર વહેતી વાતોના આધારે લેવડદેવડના આક્ષેપો કરવા એ મારો ધર્મ નથી અને આવી ધમકીઓથી ડરી જાય એ મિત્રાનંદસાગર હોતો નથી. એમને તો હું હજી પણ કહીશ કે તમારો પત્રકારધર્મ બજાવીને સમાજને પાપાચારીઓની ચુંગાલમાંથી છોડાવશો તો આવનારા ઇતિહાસમાં તમારી પ્રશસ્તિઓ રચાશે. (શું કીધું?)

આટલાં ઉદાહરણોથી સમાજમાંથી મળેલા ટેકાનું તારણ તમે કાઢી શકશો.

***સમાજના ટેકા વગર ક્યાં સુધી ઝીંક ઝીલી શકશો?***

*તારી જો હાક સુણી કોઈ નાવે રે એકલો જા ને રે...* એ વાક્યમાંથી શ્રદ્ધા નહીં ઊઠી જાય ત્યાં સુધી.

***આપને આપના પ્રયત્નોમાં કેટલી સફળતા મળશે?***

તીર્થંકરો તીર્થ પ્રવર્તાવે ત્યારે એ નથી વિચારતા કે મને કેટલી સફળતા મળશે. પહેલી દેશના નિષ્ફળ જવાની ખબર હોવા છતાં શ્રમણ ભગવાન મહાવીરે દેશના આપવાનો તીર્થંકરધર્મ બજાવ્યો જ હતો. શ્રમણ ભગવાન મહાવીર મારો આદર્શ હોય તો મારે નિરાશ થવાની જરૂર નથી રહેતી. વળી હું કેવળજ્ઞાની નથી તેથી મને મારા પગલાના પરિણામની ખબર નથી એ જ મારૂં મોટું બળ બની રહે છે, કારણ કે એમાં સફળતાના ચાન્સ પણ નિષ્ફળતા જેટલા જ છે. હું તો લાગતા વળગતા લોકોને મેસેજ આપવા માગું છું કે ''વાત પતી ગઈ નથી'' અને સત્યના વિજયની પ્રતીક્ષા કરવામાં હું ક્યારેય કંટાળતો નથી. બીજું, મને વિશ્વાસ છે કે એક શાસનપ્રેમી તો મને જરૂર મળી આવશે જે વ્યક્તિપ્રેમને મહત્ત્વ આપ્યા વિના એક દિવસ મને સામેથી આવીને કહેશે : 'આપ આગળ વધો, હું આપને તન-મન-ધનથી સાથ આપવા તૈયાર છું.'

મને મારી મર્યાદાની ખબર છે. મારી પાસે એ લોકોની જેમ કરોડો રૂપિયાનું ફંડ નથી. હું તો એક અકિંચન મુનિ છું. અને કદાચ મારૂં અકિંચનત્વ જ મારી માટે મૂડી બની રહેશે.

***આપને લાગે છે કે આપે સમુદાયની શિસ્ત તોડી છે?***

(જોરથી હસીને) સમુદાયની શિસ્ત તોડી કોને કહેવાય એ જાહેરમાં કહીશ તો સમુદાયના સાધુઓને પોતાનું મોઢું છુપાવવાનું કોઈ સ્થાન નહીં રહે. મહેરબાની કરી એ મામલે મારા મોઢે વધારે ન બોલાવશો.

***આપ વરસોથી દૂર છો તો સમુદાયના સાધુઓના અનાચારો વિષે માહિતીઓ કેવી રીતે મેળવી.***

ઇટ ઇઝ ટોપ સિક્રેટ! બીજો સવાલ પૂછી શકો છો!

***આટલા બધા પૂરાવા કેવી રીતે ભેગા કર્યા?***

ઇટ ઇઝ ઑલ્સો ટોપ સિક્રેટ! બીજો સવાલ પૂછી શકો છો!

***વડીલોએ પૂરાવા જોયા છે?***

વડીલોએ તો કેસ દાખલ કરતાં પહેલાં જ દુરાચારીઓની ફેવરમાં ચૂકાદો આપી દીધો હતો.

***એ લોકો આપની સામે બદનક્ષીનો દાવો કરે તો આપનું શું થાય?***

મારૂં? 'એમનું શું થાય' એમ પૂછો! મેં તો પાંચ મહિનામાં પાંચ વખત ઓફર કરી છે. હું ખોટો હોઉં તો મારી સામે પગલાં લઈ શકાય છે. બાકી જેઓ મારી પીઠ પાછળ મને હેરાન કરવાનાં નવાં નવાં કાવતરાં કર્યા કરે છે તેઓ સાચા હોય તો આજ સુધી ચૂપ બેસી રહે ખરા? તમે તમારી પુણ્યાઈથી લોકોને મૂરખ બનાવી શકો, એમના મનને સમાધાન તો ન જ આપી શકો!

એક નામાંકિત જજ કે જેઓ ત્રણ દુરાચારીઓના પૈકી એકના ગુરુના ભક્ત હોવાનું કહેવાય છે તેમની સલાહ લેવાતાં તેમણે જ પોતાના ગુરુને મોઢામોઢ કહ્યું હતું કે *'કાયદાનો માર્ગ લેવા જેટલો મજબૂત આપના શિષ્યનો કેસ નથી. મિત્રાનંદસાગરજીની રજુઆતો નક્કર છે.'* મેં તો ગચ્છાધિપતિશ્રીને લખેલા પત્રમાં પણ જણાવ્યું છે કે ત્રણ ત્રણ સાધુઓની સામે ચારિત્રભંગના ખોટા આક્ષેપો કરનારને સંઘ બહાર (સમુદાય બહાર નહીં, સંઘ બહાર) મૂકી શકાય છે. આપ એ સત્તાનો ઉપયોગ કરીને હું ખોટો પૂરવાર થાઉં તો મને સંઘ બહાર મૂકી શકો છો.

***લોકો વાતો કરે છે કે આપ આ મામલે ન્યાયિક પ્રક્રિયાનો માર્ગ લેવાના છો.***

યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવાશે.

***જૈન આગેવાનો પૂરાવા જોવા ચાહે તો બતાવી શકો ખરા?***

ભલાદમી, મેં તો જાહેરમાં જ કહ્યું છે કે શ્રેણિકભાઈની ઉપસ્થિતિમાં અને પાંચ એમની પસંદગીના અને પાંચ મારી પસંદગીના ગણમાન્ય આગેવાનોની હાજરીમાં પૂરાવા રજૂ કરવા તૈયાર છું.

***શ્રેણિકભાઈ તરફથી શો પ્રતિભાવ મળ્યો?***

મેં એમને પત્ર લખ્યો હતો. પરંતુ 'પત્ર મળ્યો છે' એટલું જણાવવાનું સૌજન્ય પણ તેઓ દાખવી શક્યા નથી.

***એટલે શ્રેણિકભાઈનું સમર્થન એમની તરફે છે એમ માની શકાય?***

જૈનશાસનનાં પરમ શ્રાવિકા એવાં ગંગામાના વારસદાર માટે એવું વિધાન કરવું વ્યાજબી નહીં લેખાય, પરંતુ ગંગામાની ઉજ્જવળ પરંપરાને તેઓ અજવાળી શક્યા હોત એટલું જરૂર કહી શકું. તેઓ કદાચ પોતાના સલાહકારોની સૂચના મુજબ વર્ત્યા હોય એમ બની શકે. મેં મારા જાહેર નિવેદનમાં તેમનામાં જે શ્રદ્ધા મૂકી હતી તેની ગંભીરતા તેમણે વિચારવી જોઈતી હતી.

***ધારો કે આપે રજૂ કરેલા પૂરાવા ખોટા ઠરે તો?***

તો તમે બધા ભેગા થઈને મને મોટેરા સ્ટેડિયમમાં ફાંસીએ લટકાડી દેજો....

મેં જાહેરમાં જ તો કહ્યું છે કે હું ખોટો ઠરીશ તો સકલ સંઘની સાક્ષીએ ૩૫ વરસનો દીક્ષાપર્યાય જતો કરીને નવેસરથી સાધુજીવનનો એકડો ઘૂંટવા તૈયાર રહીશ. આવી ઓફર આપનારો કોઈ વિરલો પચ્ચીસ સો વરસના ઇતિહાસમાં જોયો છે? જો તેઓ સાચા હોય તો તેમણે પડકાર ઉપાડી લેવો જોઈએ, જેથી આવતા સાડા અઢાર હજાર વરસમાં કોઈ સાધુ અન્ય સાધુ ઉપર ખોટા આક્ષેપો મૂકવાની હિંમત ન કરી શકે.

***સાડા અઢાર હજાર વરસ કેમ?***

ભગવાન મહાવીરનું શાસન ૨૧ હજાર વરસ સુધી ચાલવાનું કહેવાય છે. એમાંથી અઢી હજાર વરસ પતી ગયાં, પછી કેટલાં બાકી રહ્યાં!

***પૂરાવા સાચા ઠરે પણ કોઈ પગલાં ન લેવાય તો?***

એ તો અત્યારેય ક્યાં લેવાયાં છે! મારા બધા જ વડીલો અંદરથી જાણે છે કે મિત્રાનંદસાગરે કહ્યું હોય માટે પાકું જ હોય! મને અંગત રીતે ઓળખનાર તમામ પાત્રોને ખૂબ સારી રીતે ખબર છે કે મિત્રાનંદસાગર કાચું કાપે એવો સાધુ નથી.

***તો પગલાં ન લેવાનું કોઈ કારણ?***

વેલ, પેલી વાર્તામાં આવે છે તેમ, 'સાધુને છાશ આપવાની ના પાડનાર આ વહુ વળી કોણ છે? હું બેઠી છું ને બાર વરસની!' વડીલોની સામી છાતીએ પાપો થયાં હોય અને એની જાણ દૂર રહેલો સાધુ કરે, સાલું નાક તો કપાય ને, કે કેવો અંધેર વહીવટ ચાલતો હશે!

***ક્યારેય નિરાશા થાય છે?***

નિરાશા તો નથી થતી પણ આપણે જેમને શાસનપ્રેમી માન્યા હોય એ લોકો જ્યારે વ્યક્તિપ્રેમી બની રહે ત્યારે વેદના જરૂર થાય છે. તેઓ વ્યક્તિપ્રેમી બની રહે ત્યાં સુધી કદાચ વાંધો ન આવે, પરંતુ તેઓ દુરાચારીઓની વકીલાત પણ કરે ત્યારે જરૂર આંચકો લાગે છે અને મને સૌથી વધારે કરુણા એમના માટે થાય છે જેઓ મારી વાતને સમજ્યા વિના ઘેટાંઓનાં ટોળાંનો એક હિસ્સો બની બેઠા છે.

જય જિનેન્દ્ર વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ ■ ઇન્ટરનેટ ઉપર ૧૭ હજાર વાચકો ધરાવતું એક માત્ર જૈન મેગેઝિન

## જૈન થાળી, જૈન પિઝા પછી હવે જૈન ક્રિકેટ!

દાદર મુંબઈના સિદ્ધચક્ર જૈન સોશિયલ ગ્રૂપ દ્વારા 'જૈન ક્રિકેટ પ્રતિયોગિતા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રતિયોગિતામાં મુંબઈના વિવિધ વિસ્તારોની વીસ ટીમોએ ભાગ લીધો હતો. પુરંદરે સ્ટેડિયમ નાયગાંવ ખાતે યોજાયેલી આ પ્રતિયોગિતામાં નવદુર્ગા ટીમ (દાદર) અને ચિંતામણિ ટીમ (ગોરેગાંવ) વચ્ચે ફાઈનલ મેચ રમાઈ હતી જેમાં ચિંતામણિ ટીમનો વિજય થયો હતો અને તેને 'લૉમેન કપ' આપવામાં આવ્યો હતો. સિદ્ધચક્ર જૈન સોશિયલ ગ્રૂપના આ નવતર પ્રયોગથી ક્રિકેટ ક્ષેત્રે જૈન યુવાનોનું નામ પણ ભવિષ્યમાં ગાજતું થાય તો નવાઈ નહીં રહે.

## મહાવીર ફાઉન્ડેશન દ્વારા એવોર્ડ માટે આવેદનપત્રો મંગાવાયાં

અહિંસા અને શાકાહારનો પ્રચાર, શિક્ષણ અને આરોગ્ય તથા સમાજસેવાનાં ક્ષેત્રોમાં નોંધપાત્ર કાર્ય કરનાર વ્યક્તિઓને ચેન્નાઈના મહાવીર ફાઉન્ડેશન દ્વારા એવોર્ડ આપવામાં આવે છે. સંસ્થા દ્વારા ૨૦૦૩ના વર્ષ માટે આવેદનપત્રો મંગાવવામાં આવ્યાં છે. સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી સુગાલચંદજીએ આ જાહેરાત કરી છે.

પુરસ્કાર સમિતિના અધ્યક્ષપદે જસ્ટિસ (નિવૃત્ત) એમ. એન. વેંકટચેલૈયા પોતાની સેવાઓ આપે છે. આ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કાર્ય કરનાર વ્યક્તિઓ અને સંસ્થાઓ આવેદનપત્રો મોકલી શકે છે.

## અમદાવાદથી સમ્મેતશિખર માટેની ટ્રેનનો આરંભ

પારસનાથ એક્સ્પ્રેસના નામે ઓળખાવાયેલી બહુચર્ચિત ટ્રેન આખરે શરૂ થઈ છે. અમદાવાદમાં યોજાયેલા એક ભવ્ય સમારોહમાં નાયબ વડાપ્રધાન શ્રી લાલકૃષ્ણ અડવાણી, રેલ્વેમંત્રી શ્રી નીતીશ કુમાર, કેન્દ્રીય ગૃહરાજ્યમંત્રી શ્રી હરીન પાઠક, મુખ્યપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી વગેરે મહાનુભાવોની ઉપસ્થિતિમાં એક શાનદાર સમારોહમાં આ ટ્રેનને લીલી ઝંડી આપવામાં આવી હતી. આ પ્રસંગે અમદાવાદની વિવિધ જૈન સંસ્થાઓ દ્વારા શ્રી અડવાણીજી વગેરે મહાનુભાવોનું બહુમાન કરવામાં આવ્યું હતું.

પારસનાથ એક્સ્પ્રેસનું જાહેર કરાયેલું શિડ્યુલ આ મુજબ છે : અમદાવાદથી દર મંગળવારે રાતે ૧૧:૩૫ વાગે ઊપડેલી આ ટ્રેન ગુરુવારે સવારે ૯:૫ વાગે ધનબાદ પહોંચશે. ધનબાદથી અમદાવાદ માટેની ટ્રેન ગુરુવારે સાંજે ૬:૩૫ વાગે ઉપડશે અને શનિવારે સવારે ૭:૦૦ વાગે તે અમદાવાદ પહોંચશે. આ ટ્રેન વડોદરા, રતલામ, કોટા, સવાઈ માધોપુર, આગ્રા ફોર્ટ, કુંડલા, કાનપુર, અલ્હાબાદ, મોગલસરાઈ, ગયા, કોડર્મા અને પારસનાથ સ્ટેશનોએ હોલ્ટ કરશે.

## પૂજનીય આચાર્ય શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની બારમી પુણ્યતિથિ ઉજવાઈ

સદ્ગત પૂજનીય આચાર્ય શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની બારમી પુણ્યતિથિ તેઓશ્રીના પરિવારના વિવિધ આચાર્યાદિ મુનિઓની નિશ્રામાં ઉજવાઈ હતી. આ પ્રસંગે તેઓશ્રીના ગુણાનુવાદ કરવા ઉપરાંત મહોત્સવનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

અજોડ વ્યાખ્યાનકાર તરીકે પોતાની સુવાસ મૂકી ગયેલા સદ્ગત આચાર્યશ્રીએ શાસનને આપેલી સેવાઓને ખાસ યાદ કરીને તેમને ભાવભરી અંજલિ પાઠવવામાં આવી હતી.

## પૂજનીય ગુરુદેવ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજના ૩૫મા દીક્ષા દિવસ નિમિત્તે અભિનંદનોનો સિલસિલો

પૂજનીય ગુરુદેવ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજના ૩૫મા દીક્ષા દિવસના અવસરે સેંકડો અભિનંદન સંદેશાઓ આવ્યા હતા. પૂજ્યશ્રીના ચાહકો દ્વારા અપાયેલા વિવિધ સંદેશાઓમાં દીર્ઘ આયુષ્યની કામના ઉપરાંત અનેક ભાવભરી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

આ ઉપરાંત જૈન શાસનના અનેક આચાર્યાદિ મુનિઓએ પણ પૂજ્યશ્રીને પોતાની શુભેચ્છાઓ પાઠવી હતી.

## મૌન પૂર્વક ૧૦૮ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યા

શ્રી આદીશ્વરજી જૈન સંઘ (પાયધુની, મુંબઈ) ખાતે પૂજનીય સ્વાધ્યાયપ્રેમી આચાર્ય શ્રી ચિદાનંદસૂરીશ્વરજી મહારાજની પાવન નિશ્રામાં પૂજ્ય મુનિ શ્રી હેમકીર્તિમુનિજીને પુરુષાદાનીય પાર્શ્વનાથની આરાધનારૂપ મૌનપૂર્વક ૧૦૮ ઉપવાસની દીર્ઘ તપશ્ચર્યા સુખશાતાપૂર્વક ચાલુ છે.

## માસક્ષમણની ભવ્ય આરાધના

શ્રી મોહનવિજયજી જૈન પાઠશાળા (જામનગર) ખાતે પૂજનીય વિદ્વદ્વર્ય આચાર્ય શ્રી સિંહસેનસૂરીશ્વરજી મહારાજની પાવન નિશ્રામાં પૂજનીય ગણિવર્ય શ્રી સુવ્રતસેનવિજયજી મહારાજને માસક્ષમણની આરાધના ચડતા પરિણામે સુખશાતાપૂર્વક ચાલુ છે.

## જૈન દેરાસરોમાં ચોરીનો સિલસિલો ચાલુ

જૈન દેરાસરોમાં ચોરીઓનું પ્રમાણ ચોંકાવનારી હદે વધી રહ્યું છે. સાબરમતી (અમદાવાદ)ના શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જૈન દેરાસરમાંથી ૨૦ હજાર ઉપરાંતની કિંમતના ભગવાનના દાગીનાની ચોરીના હેવાલો અમારા સંવાદદાતાએ આપ્યા છે. પોલીસે આ મામલે શ્રી બાબુભાઈ શાહની ફરિયાદ નોંધીને યોગ્ય કાર્યવાહી શરૂ કરી છે.

*અનુસંધાન પૃષ્ઠ ૫નું ચાલુ*

જોઈએ કે જેથી દશ્ય અનુભૂતિ અન્ય મકાનો સાથે ઓછી મિશ્રિત થાય.

એમ નથી કે આપણી પાસે પૈસાનો અભાવ છે. આપણી પાસે જરૂરી સંવેદનશીલતાનો અભાવ છે. આપણે સંકલિત રીતે દેરાસર સ્થાપત્યને સમજી નથી શકતા. આપણે દેરાસર-સંકુલને અનુકૂળતા પ્રમાણે વિભાજિત કરી 'સમગ્રતા'ના વિચારને ખંડિત કરી નાખીએ છીએ. કોઈ પણ સંવેદનશીલ વ્યક્તિ દેરાસર સંકુલમાંથી મુખ્ય ધર્મસ્થાન દેરાસરને બાદ કરી બાકીનાં મકાનો જોશે તો તેને આ મકાનો માત્ર વ્યાપારી મકાનો જ લાગશે. તેમાં 'ધાર્મિક અનુભૂતિ'નો સદંતર અભાવ હશે. આ ઇચ્છનીય બાબત નથી.

***આપણે સંકલિત રીતે દેરાસર સ્થાપત્યને સમજી નથી શકતા અને તેની સમગ્રતાને ખંડિત કરી નાખીએ છીએ.***

આ લેખમાળા થકી અમારે કંઈ સ્થાપત્ય કળા વિષે આપણા સમાજના લોકોને જ્ઞાન નથી આપવું, અહીં તો માત્ર એ જ ઇચ્છા છે કે દેરાસર-સંકુલ રચના માટે જો લોકો સંવેદનશીલ બને તો આપણે ત્યાં હવે પછી બનનારાં આવાં સંકુલ સ્થાપત્યની દષ્ટિએ મૂલ્યવાન બને અને જે હેતુ માટે તે બનાવાય છે તેની પૂર્ણતા સહજથી થાય.

●

આપનો પત્ર મળ્યો



# એક મુનિવરનો વ્યથાસભર પત્ર

પૂજ્ય મુનિવર શ્રી મિત્રાનંદસાગરજી મહારાજને એક પૂજનીય મુનિવરનો વ્યથાસભર પત્ર મળ્યો છે. પત્રલેખક પૂજનીય મુનિવરે **પોતાની ઓળખ પ્રકાશિત ન થાય તે શરતે** પોતાના દિલની વ્યથા જય જિનેન્દ્રમાં રજૂ કરવા જણાવ્યું છે. સાથોસાથ એમણે પોતાની સમસ્યાનું માર્ગદર્શન પણ માગ્યું છે. પત્રલેખક મુનિવરે જય જિનેન્દ્રમાં મૂકેલી આસ્થાથી અમે ગદ્‌ગદિત થયા છીએ. સાથોસાથ મુનિવરના પ્રશ્ન અંગે વ્યથિત પણ થયા છીએ. જય જિનેન્દ્ર **વિશ્વાસ આપે છે કે મુનિવરની ઓળખ હર હાલતમાં ગુપ્ત રહેશે.** પત્રની મહત્ત્વની વિગતો એમના જ શબ્દોમાં –

છેલ્લા કેટલાક સમયથી મનમાં ને મનમાં ખૂબ મુંઝાઉં છું. જય જિનેન્દ્રના અંકો વાંચવા મળ્યા ત્યારથી એક આશા જાગી છે કે કદાચ અહીં મને મારા મનનું – મારી વ્યથાનું સમાધાન મળશે.

મારી દીક્ષાને આઠેક વરસ જેવો સમય વ્યતીત થઈ ગયો છે. બહુ ઉમળકાથી દીક્ષા લીધી હતી. ઘણાં સપનાં સેવ્યાં હતાં. દીક્ષા જીવનમાં આ આરાધના કરીશ અને પેલી આરાધના કરીશ. આ અભ્યાસ કરીશ અને પેલો અભ્યાસ કરીશ. થોડોક સમય તો એમ કર્યું પણ ખરૂં. વડીદીક્ષાના થોડા મહિના પછી મારા જીવનમાં એક ભૂકંપજનક ઘટના બની. મેં જેમનાં ચરણોમાં મારૂં જીવન સોંપ્યું હતું તે મારા ગુરુ એકવાર રાતના સમયે મારા સંથારામાં આવી ગયા અને મારી સાથે ન કરવાની પ્રવૃત્તિ કરી. વૈરાગ્ય અને આરાધનાની મોટી મોટી વાતો કરનારા મારા ખુદના ગુરુના આ વર્તનથી હું એવો તો ડઘાઈ ગયો કે બીજા દિવસે હું ગોચરી પણ વાપરી શક્યો નહીં. દેરાસરમાં હું ભગવાનની સાથે આંખ પણ મિલાવી શક્યો નહીં. બહારની દુનિયામાં અમારા સમુદાયની એવી ઊજળી છાપ છે કે આ સમુદાયના સાધુઓ એટલે સાચા સાધુઓ. મારા ગુરુના અન્ય શિષ્યો પણ છે. આ મારા વડીલ ગુરુભાઈઓ પણ ક્યારેક ક્યારેક આ રીતનો અનાચાર કરતા હતા. મારા ગુરુની છાપ એક ઉત્તમ આત્મા તરીકેની છે. તેઓ તપસ્વી પણ છે. પણ શું કરવાની આ આરાધનાઓને? શું કરવાની એમની તપસ્યાને? બે દિવસ પછી મનને સ્વસ્થ કરીને મેં મારા ગુરુને તેમની આ પ્રવૃત્તિ અંગે નારાજગી વ્યક્ત કરી તો તેઓ હસવા લાગ્યા અને કહેવા લાગ્યા કે 'આમાં કંઈ પાપ નથી! સ્ત્રી સાથે શરીર સંબંધ હોય તો જ પાપ કહેવાય.' હું તો સાંભળીને થીજી જ ગયો! તેઓ પોતાની શિબિરોમાં તો કેવી કેવી મોટી મોટી વાતો કરતા હતા? જેના કારણે મારી જેવા યુવાનો પણ વૈરાગ્યવાસિત બન્યા હતા. એમના મોઢામાં આવા શબ્દો?

મેં મારા સમુદાયના ગચ્છનાયકને પણ આ વાત કરી તો તેમણે તો ઉપરથી મને જ ધમકાવી નાખ્યો. તેઓ કહે છે કે આવું હોય જ નહીં. મારાથી આ બાબત વેઠાતી નહોતી તેથી મેં મારાં સંસારી માતાપિતાને વાત કરી, તો તેમણે પણ મને ઠપકો આપ્યો : 'અમે તો ના જ કહેતા હતા દીક્ષા લેવાની, તું મોટા ઉપાડે ઘોડે ચડ્યો હતો.' વળી મારા ગુરુની ઊજળી છાપના કારણે સંઘના કોઈ આગેવાન પણ મારી વાત માને એ વાતમાં માલ નથી. મારી અનિચ્છાના કારણે મારા ગુરુ મારી સાથે તો હવે એ પ્રવૃત્તિ કરતા નથી પરંતુ મારા ગુરુભાઈઓનો તો અંદરોઅંદરનો આવો વ્યવહાર ચાલુ જ છે. આ રીતે મારા દિવસો વીતતા હતા એટલામાં જય જિનેન્દ્રમાં આવતાં આપનાં બિનધાસ્ત લખાણો મારા વાંચવામાં આવ્યાં. આથી મનમાં આશા જાગી કે આપને વાત કરી જોઉં. તેથી આ પત્ર લખવા પ્રેરાયો છું. મુશ્કેલી એ છે કે મારા વડીલો મચક આપતા નથી અને બીજા સમુદાયમાં જવાની મારી તૈયારી નથી. કારણ કે અનુભવે એવું સમજાયું છે કે કાગડા બધે કાળા છે. બીજે જઈને પણ શું કરું? મારાં સંસારી માતાજી કહે છે કે 'દીક્ષા છોડીને ઘરે આવશો તો હું આપઘાત કરીશ.'

આપે આપના જ સમુદાયના સાધુઓ સામે જે રીતે નિર્ભયતાથી લખ્યું છે તેવી તો મારી હિંમત નથી, તેમ એકલા વિચરવાની પણ હિંમત નથી, કેમ કે આ જૈન સમાજમાં એકલા રહેવું બહુ ભારે પડે તેવું છે. બધાની તો કંઈ આપના જેવી હિંમત ન જ હોય, પરંતુ કંઈક એવું થાય કે હું આ પાપમાંથી છૂટું એવું માર્ગદર્શન મને આપવા વિનંતી.

પૂજનીય મુનિવરનો આ વ્યથાસભર પત્ર અમને મળ્યો ત્યારે જય જિનેન્દ્રનો આ અંક પ્રેસમાં જવાની તૈયારીમાં હતો. આથી તેઓશ્રીના પત્ર અંગે વ્યાપક ચર્ચા કરવાની અનુકૂળતા ન રહી. વળી જય જિનેન્દ્રનો આખો લેઆઉટ બદલવો પડે તેમ હતો, એમ કરવું ટૂંકા ગાળામાં શક્ય નહોતું, પરંતુ અમે આ પૃષ્ઠ ઉપર પ્રકાશિત થતા અન્ય વાચકોના પત્રો છેલ્લી ઘડીએ ઊતારી લઈને પૂજનીય મુનિવરનો પત્ર પ્રકાશિત કરી રહ્યા છીએ. આવનારા દિવસોમાં પૂજનીય મુનિવરના પ્રશ્ને ચર્ચા કરીશું. – સંપાદક

*વ્યથાસભર પત્ર લખનારા મુનિવરના ગુરુનું નવું તિકડમ : 'આમાં કંઈ પાપ નથી! સ્ત્રી સાથે શરીર સંબંધ હોય તો જ પાપ કહેવાય.' આવા ગુરુઓ પાછા ત્યાગી હોવાની છાપ પણ ધરાવે છે!*

## ધ લાસ્ટ બાઇટ...

**બોધપાઠ**

અસીમિત સત્તા અને અધિકારોથી જ ભ્રષ્ટાચાર અને આપખુદશાહીની સમસ્યા ઊભી થાય છે.

– વિલિયમ પીટ

●

**સ્પંદન**

પારસમણિ કે સ્પર્શ સે સ્વર્ણ ભઈ તલવાર,
તુલસી તીનોં ના મિટે ધાર માર આકાર.

– તુલસીદાસ

●

**ના હોય!**

અસ્તકીર્તિ : 'કોઈની તાકાત છે કે જૈન શાસનને નુકસાન પહોંચાડે... અમે બેઠાં છીએ ને !'

## !! अहो कार्टुनम्




Printed, Published and Owned by Nirved Acharya, 68 Niharika Bungalows, Nr. Azad Society, Ambavadi, AMDAVAD 380 015
Printed at Shivkrupa Offset Printers, 27 Amrut Industrial Estate, Nr. Dudheshvar Water Tank, Amdavad 380 004